# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

NAAC "B" (2.21) State University

પો.બો.નં.૨૧, યુનિવર્સિટી રોડ, પાટણ-૩૮૪૨૬૫ (ઉ.ગુ.)

ફોન : (૦૨૭૬૬) ૨૩૭૦૦૦ ફેક્સ : (૦૨૭૬૬) ૨૩૧૯૧૭

Email : regi@ngu.ac.in Website : www.ngu.ac.in


પરિપત્ર ક્રમાંક : ૫૩/૨૦૨૬

વિષય : વિષય: શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ દરમ્યાન સ્નાતક (UG) અને અનુસ્નાતક (PG) કક્ષાના અભ્યાસક્રમોમાં ખાલી રહેલ બેઠકો પર પ્રવેશ અંગે Mop-Up રાઉન્ડ બાબત.

સંદર્ભ : GCASનો પરિપત્ર ક્રમાંક : GCAS/UG/મોપ-અપ/૨૦૨૬-૨૭/૯૮૬, તા.03/૦૯/૨૦૨૬

આ યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગના વડાશ્રી/કો-ઓર્ડીનેટરશ્રીઓ/સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, ઉક્ત સંદર્ભિત પત્રને અનુલક્ષીને MOP-UP રાઉન્ડની જાહેરાત કરવામાં આવે છે, સદર પ્રવેશ કાર્યવાહી માટે GCAS દ્વારા પોર્ટલ તા.૦૭/૦૯/૨૦૨૬થી શરુ કરવામાં આવશે અને નીચેના મુદ્દાઓ અને સામેલ GCASનો પરિપત્ર ધ્યાને લઈને તા.૧૯/૦૯/૨૦૨૬ સાંજે ૦૫ : ૦૦ વાગ્યા સુધીમાં પ્રવેશ કાર્યવાહી પૂર્ણ કરવા આથી જણાવવામાં આવે છે.

1. રજીસ્ટ્રેશન અને અરજી એડીટ :

1.1 જો કોઈ વિદ્યાર્થીએ હજુ સુધી રજીસ્ટ્રેશન કરેલ ન હોય કે અધુરી અરજી હોય તેવા સંજોગોમાં જરૂરી વિગતો અને પ્રેફરન્સ ભરી અરજી ઓનલાઈન સમિટ કરી શકશે.

1.2 રજીસ્ટ્રેશન કરેલ હોય – અરજી એડિટ કરવી હોય – કોલેજ પ્રેફરન્સ બદલાવો હોય તો બદલી શકશે.

2. પ્રવેશ ઓફર અને કન્ફર્મેશન :

2.1 GCAS વેબસાઈટ પર કોલેજ પ્રમાણે જાહેર કરવામાં આવેલ ખાલી બેઠકો (Vacant Seats)પર વિદ્યાર્થીઓ પોતાના રજીસ્ટ્રેશન ફોર્મમાં કરેલ પસંદગી, એલીજીબીલીટી અને મેરીટને આધારે જે તે કોલેજમાં પ્રવેશ મેળવી શકશે.

2.2 કોલેજ ખાલી બેઠકો પર વિદ્યાર્થીઓની એલીજીબીલીટી, મેરીટની ગણતરી, ટાઈ બ્રેકર, અનામત તથા પ્રવર્તમાન જોગવાઈઓ અનુસાર અસલ દસ્તાવેજોની ચકાસણી કરીને પ્રવેશ ઓફર જનરેટ કરી શકશે, નિયમોનુસાર ફી સ્વીકારીને GCAS પોર્ટલ પર પ્રવેશ કન્ફર્મ કરી શકશે.

3. **સમયમર્યાદા: તારીખ ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ સાંજે ૦૫ : ૦૦ કલાક સુધી**

બિડાણ : ઉપર મુજબ

કુલસચિવ વતી

નં.–એકે/પ્રવેશ/૧૩૨૫/૨૦૨૬

તારીખ : ૦૭/૦૯/૨૦૨૬

પ્રતિ,

આ યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગના વડાશ્રી/કો-ઓર્ડીનેટરશ્રીઓ/સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ ઘટતી કાર્યવાહી કરવા તથા જાણ સારું.

નક્લ સવિનય રવાના (જાણ સારૂ) :-

૧. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રીનું કાર્યાલય, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી, પાટણ

૨. કુલસચિવશ્રીના અંગત મદદનીશશ્રીનું કાર્યાલય, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી, પાટણ

નક્લ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ (ઈ-મેઈલ મારફતે) :

૧. મેમ્બર સેક્રેટરીશ્રી, GCAS Cell, KCG, નવરંગપુરા, અમદાવાદ તરફ જાણ સારૂં.

૨. ડૉ.ધર્મેન્દ્ર ઠાકર, યુનિ. GCAS નોડલ ઓફિસર, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી,પાટણ.

૩. મહેકમ શાખા, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી, પાટણ. (પરિપત્ર ફાઈલે)

૪. આંકડાશાસ્ત્ર શાખા, સંલગ્ન કોલેજો/વિભાગોને ઇ-મેઈલકરવા સારૂ.

૫. સીસ્ટમ એનાલીસ્ટશ્રી, કોમ્પ્યુટર સેન્ટર,(યુનિવર્સિટીના વેબસાઈટ ઉપર મુકવા સારૂ)

૬. ઈન્ચાર્જ ઓફિસરશ્રી, ખેડબ્રહ્મા કેમ્પસ, મુ.વડાલી, જી.સાબરકાંઠા, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી,પાટણ.

૭. સંબંધિત ફાઈલે.

ક્રમાંક : GCAS/UG/મોપ-અપ/૨૦૨૬-૨૭/૯૮૬ તા. 03/0૯/૨૦૨૬

પ્રતિ,
માન. કુલપતિશ્રી,
GCAS સાથે સંલગ્ન તમામ યુનિવર્સિટીઓ,
ગુજરાત રાજ્ય.

**વિષય** : GCAS પ્રવેશ-સત્ર ૨૦૨૬-૨૭ – સ્નાતક (UG) અને અનુસ્નાતક (PG) કક્ષાની ખાલી રહેલ બેઠકો ભરવા માટે કૉલેજ-યુનિવર્સિટી કક્ષાનો મોપ-અપ યોજવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, GCAS પોર્ટલ મારફતે પ્રવેશ-સત્ર ૨૦૨૬-૨૭ માટે સ્નાતક (UG) અને અનુસ્નાતક (PG) કક્ષાના પ્રવેશના નિયત તમામ રાઉન્ડ તથા ખાલી બેઠકોનો રાઉન્ડ (VSBC) પૂર્ણ થયેલ છે. તેમ છતાં, વિવિધ યુનિવર્સિટીઓ, કોલેજો, વિદ્યાર્થીઓ-વાલીઓ તથા વિદ્યાર્થીઓ સંગઠનો દ્વારા VSBC રાઉન્ડ બાદ પણ બાકી રહેતી જગ્યાઓ પર જે વિદ્યાર્થીઓ આજ દિન સુધી પ્રવેશ મેળવેલ નથી કે પ્રવેશ માટે અરજી કરી નથી તેમને વધુ એક તક આપવા માટે વિનંતી કરી છે.

ઉપરોક્ત બાબતને ધ્યાને લેતાં, ઉપલબ્ધ ખાલી બેઠકોનો મહત્તમ ઉપયોગ થાય, કોઈ પણ પાત્ર વિદ્યાર્થી ઉચ્ચ શિક્ષણથી વંચિત ન રહે અને પ્રવેશ પ્રક્રિયા પારદર્શક રીતે પૂર્ણ થાય તે હેતુસર, GCAS પોર્ટલ પર સ્નાતક (UG) અને અનુસ્નાતક (PG) કક્ષાની ખાલી બેઠકો માટે નીચે મુજબની કાર્યપદ્ધતિથી **કૉલેજ-યુનિવર્સિટી કક્ષાનો મોપ-અપ** યોજવા જણાવવામાં આવે છે :

**(અ) રજિસ્ટ્રેશન અને અરજી એડિટ:**

જો કોઈ વિદ્યાર્થી હજુ સુધી પણ અનિવાર્ય સંજોગોને કારણે આટલી તક મળ્યા બાદ પણ GCAS પોર્ટલ પર રજિસ્ટ્રેશન કરીને પોતાની અરજી ઓનલાઇન સબમિટ કરી શકેલ નથી તેઓ પોર્ટલ પર રજિસ્ટ્રેશન કરી, પ્રોફાઈલ ભરી અને જરૂરી દસ્તાવેજો અપલોડ કરીને ઓનલાઇન અરજી સબમિટ કરી શકશે.

જે વિદ્યાર્થીઓ અગાઉથી રજિસ્ટર્ડ હોય, તેમણે પોર્ટલ પર લોગ-ઇન કરી પોતાની અરજી એડિટ કરવી હોય તો કરી શકશે. વિદ્યાર્થી ખરેખર જે કૉલેજ-યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા હોય તેમનું માર્ગદર્શન મેળવી તે મુજબ સંબંધિત કૉલેજ-યુનિવર્સિટી-પ્રોગ્રામ-મુખ્ય વિષયનો પ્રેફરન્સ આપવાનો રહેશે.

**(બ) પ્રવેશ ઓફર અને કન્ફર્મેશન:**

રજિસ્ટ્રેશન અથવા પ્રેફરન્સ અપડેટ થયા બાદ સંબંધિત કૉલેજ-યુનિવર્સિટી વિદ્યાર્થીની પાત્રતા ચકાસવાની રહેશે. ત્યારબાદ પોતાના પ્રસ્થાપિત પ્રવેશના નિયમો – એલિજિબિલિટી, મેરીટની ગણતરી, ટાઈ-બ્રેકર, અનામત તથા અન્ય પ્રવર્તમાન જોગવાઈઓ – નું ચુસ્ત પાલન કરી પ્રવેશ ઓફર કરવાની રહેશે. અસલ દસ્તાવેજોની ચકાસણી કરી


Knowledge Consortium of Gujarat,
Pragna Puram Campus, Opp. PRL, Navrangpura,
Ahmedabad, Gujarat. 380015
Email: info-gcas@gujgov.edu.in
Website: https://gcas.gujgov.edu.in/

અને નિયમાનુસાર ફી સ્વીકાર્યા બાદ કૉલેજ-યુનિવર્સિટીએ જ પોર્ટલ પર પ્રવેશ ઓફર જનરેટ કરી પ્રવેશ કન્ફર્મ કરવાનો રહેશે.

**(ક) સમયમર્યાદા:**

મોપ-અપ રાઉન્ડ માટે GCAS પોર્ટલની કામગીરી તા. ૦૭/૦૯/૨૦૨૬થી ખુલ્લી મૂકવામાં આવશે. પ્રવેશની અંતિમ તારીખ સંબંધિત કૉલેજ-યુનિવર્સિટીએ પોતાના નિયમો અને ધોરણો મુજબ, શૈક્ષણિક કાર્ય તથા યુનિવર્સિટીના પરીક્ષા-કેલેન્ડરને બાધ ન આવે તે રીતે, જાહેર કરવાની રહેશે.

**આ સંદર્ભે આપશ્રીની કક્ષાએથી નીચે મુજબની કાર્યવાહી કરવા વિનંતી છે :**

1. ઉપરોક્ત કાર્યપદ્ધતિના આધારે આપની યુનિવર્સિટી તથા તેની સંલગ્ન અને ઘટક કૉલેજો/વિભાગો માટે વિગતવાર માર્ગદર્શિકા (ગાઈડલાઈન્સ) – જેમાં પ્રવેશની અંતિમ તારીખ, પ્રોગ્રામવાર ખાલી બેઠકોની વિગત, દસ્તાવેજ ચકાસણી અને ફીની પ્રક્રિયાનો સમાવેશ થાય – તાત્કાલિક પ્રસિદ્ધ કરવી.
2. સદર માર્ગદર્શિકા યુનિવર્સિટી તથા તમામ કૉલેજોની વેબસાઈટ, નોટિસ બોર્ડ, સોશિયલ મીડિયા તથા અન્ય ઉપલબ્ધ માધ્યમો દ્વારા વિદ્યાર્થીઓમાં વ્યાપક પ્રમાણમાં પ્રસારિત કરવી, જેથી કોઈ પણ પાત્ર વિદ્યાર્થી માહિતીના અભાવે વંચિત ન રહે.
3. પ્રસિદ્ધ કરેલ માર્ગદર્શિકાની એક નકલ તથા નિયત કરેલ પ્રવેશની અંતિમ તારીખ GCAS સેલ, કેસીજી, અમદાવાદને ઈ-મેલ મારફતે અચૂક મોકલી આપવી.

સદરહુ કાર્યવાહી પ્રવેશ-સત્ર ૨૦૨૬-૨૭ના પ્રવેશની અંતિમ કડી હોઈ, તેને સર્વોચ્ચ અગ્રતા આપી નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવા આપશ્રીના સ્તરેથી સંબંધિત તમામને જરૂરી સૂચના આપવા વિનંતી છે.

દિલીપ રાણા, IAS
કમિશનર, ઉચ્ચ શિક્ષણ &
સીઈઓ, કેસીજી

**નકલ રવાના (જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે) :**

૧. માન. અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિશ્રી, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૨. માન. કુલસચિવશ્રી, GCAS સાથે સંલગ્ન તમામ યુનિવર્સિટીઓ.
૩. GIPL – પોર્ટલ પર મોપ-અપ રાઉન્ડની જરૂરી કન્ફિગરેશન કરવા સારુ.
૪. પસંદગી ફાઈલ.